**ક્રિ.પ.અ. નં. ૪૪/૨૦૨૬ ના કામે અરજદાર/આરોપીની જામીન અરજી લગત હુકમ**

(૧) અરજી વંચાણે લીધી. રેકર્ડ વંચાણે લીધુ. આરોપીના વિ.વ.શ્રી ને સાંભળ્યા. ફરીયાદપક્ષે રેકર્ડ વંચાણે લીધું.

(૨) આ કામે આરોપી તર્ફે હાલની અરજી જામીન મેળવવા માટે કરેલી છે અને આરોપીના તર્ફે વિ.વ.શ્રી જણાવે છે કે, આરોપીના કેસનો ટ્રાયલ ચાલતા ઘણો લાંબો સમય જાય તેમ છે, આરોપીની અગાઉની જામીન અરજી નામંજુર થયેલ છે, અને ત્યારથી આરોપી કસ્ટડીમાં છે, હાલમાં આરોપી સામે ચાર્જશીટ દાખલ થયેલ છે, અને તેથી સંજોગો બદલાયેલા હોઈ, આરોપીને જામીનમુકત કરવા નમ્રઅરજ કરેલ છે. આરોપી જણાવેલ સરનામે કાયમી રહે છે અને નાશી ભાગી જાય તેવા નથી અને કોર્ટ ફરમાવે તેવી તમામ શરતોનુ પાલન કરવા તૈયાર છે. આરોપીઓને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા જણાવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષે રેકર્ડ વંચાણે લીધું, તેમજ વિ.એપીપીશ્રીને સાંભળ્યા, તેઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે આરોપીઓએ પોતાનો આર્થિક લાભ મેળવવા સારુ ફરીયાદીને લોન અપાવવાના બહાને જરુરી ડોકયુમેન્ટ લઈ ફરીયાદીનું સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા બાબરા બ્રાન્ચના ખાતા નં. ૫૮૨૯૫૫૫૮૬૭ થી ખાતુ ખોલાવી ફરીયાદીનું સીમકાર્ડ તથા સહી કરેલ કોરા ચેક તથા આખી ચેકબુક તથા એ.ટી.એમ. કાર્ડ અને પાસવર્ડ લઈ છેતરપીંડી થી ફરીયાદીના બેંક ખાતામાં અલગ અલગ સમયે અલગ અલગ રકમ મળી કુલ રૂ.૨૪,૮૦,૦૦૦/– જમા કરાવી ફરીયાદીની જાણ બહાર ફરીયાદીના ચેકનો ઉપયોગ કરી ચેકથી પૈસા ઉપાડી લઈ ફરીયાદી સાથે છેતરપીંડીનો ગુનો કરેલ છે, આરોપી સામે આક્ષેપાયેલા ગુનાની ગંભીરતા ધ્યાને લેતા ગુનો આજીવન કેદ સુધીની સજાને લગતો છે. આ હાલના ગુનામાં ચાર્જસીટ થયા બાદ કોઈ બદલાયેલા સંજોગો જણાતા નથી, સાયબર ફ્રોડના નાણા સગેવગે કરવામાં આવેલ હોવાની હકીકત ધ્યાને લઈ અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૪) ઉભયપક્ષની દલીલો ધ્યાને લીધી, કેસનું રેકર્ડ વંચાણે લીધું, હાલના આરોપી સામે ઠગાઈ, ખોટો દસ્તાવેજ બનાવવો, કીંમતી જામીનગીરી વગેરેની ખોટી બનાવટ કરવાનો ગુનો, ખોટો દસ્તાવેજ અથવા ઈલે. રેકોર્ડનો ખરા તરીકે ઉપયોગ કરવા અંગેનું હાલનું આ ચાર્જશીટ દાખલ થયેલ છે. વધુમાં હાલના આરોપીની ચાર્જશીટ થયા પહેલા તા.૦૫/૧૨/૨૦૨૫ નારોજ સદરહુ આરોપીની જામીનઅરજી દાખલ થયેલ તેમાં જે કારણો જણાવેલા છે તે જ કારણો હાલની આ જામીનઅરજીમાં દર્શાવેલા છે જેથી આરોપીના

વકીલશ્રીની રજુઆત કે ચાર્જશીટ થતાં આરોપી સામેના સંજોગો બદલાયેલા છે, તે માની શકાય નહી, કારણ કે નામ. સુપ્રિમ કોર્ટના સાઈટેશન AIR 2017 SC 1685 VIRUPAKSHAPPA GOUDA Vs. STATE OF KARNATAKA Dated: March 28, 2017ના કેસમાં નામ. સુપ્રિમ કોર્ટે એવું ઠેરવેલ છે કે, " **Needless to say, filing of the charge-sheet does not in any manner lessen the allegations made by the prosecution. On the contrary, filing of the charge-sheet establishes that after due investigation the investigating agency, having found materials, has placed the charge-sheet for trial of the accused persons**." જેથી એમ કહી શકાય કે, આરોપી સામેનો પ્રાથમિક કેસ પુરવાર થયા બાદ ચાર્જશીટ થયાની પ્રક્રીયા થાય છે, તેથી ચાર્જશીટ થવું એ બેઈલ માટે કોઈ બદલાયેલા સં જોગો ગણાય નહી, પરંતુ આરોપીએ ગુનો કર્યાનું પ્રાથમિક અનુમાન છે, તેમ હું માનું છું. આરોપી સામે નો ગુનો અને સજાની જોગવાઈ જોતાં આજીવન કેદ સુધીની છે જે મુજબ પણ આરોપી દ્રારા એવા કોઈ વિશેષ કારણો જણાવવામાં આવેલ નથી કે તેને જામીનમુકત કરી શકાય. વળી, જો તેને છોડવામાં આવે તો ફરી આવી જ સમાજ વિરોધી પ્રવૃતિ કરશે. આમ, આરોપી સામેનો પ્રથમ દર્શનીય કેસ હોઈ, તથા ઉપરોકત ચર્ચા મુજબના સંજોગોમાં આરોપીને જામીન પર મુકત કરવાથી મુદતે કેસમાં હાજર રહે તેવી કોઈ શકયતાઓ જણાતી ન હોઈ જેથી આરોપીને જામીનમુકત કરવા યોગ્ય અને વ્યાજબી જણાતું ન હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદાર/આરોપી – જયદીપભાઈ ઉર્ફે ગોપાલ હર્ષદભાઈ લશ્કરીની જામીન અરજી '**નામંજૂર**' કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૧૦મી, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મું. બાબરા

તા.૧૦/૦૩/૨૦૨૬.

(ગૌતમસિંહ દેવડા )
***GJ01548***
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફ. ક.,
બાબરા.